હેલ્પલાઈન: ૧૦૪

સત્યમેવ જયતે

**COVID-19** અખબારી યાદી ક્રમાંક: ૯૩

આરોગ્યાઅને પરિવારકલ્યાણ વિભાગ,

ગાંધીનગર.

ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૧૮

ઈ-મેલ: ssoidsp@gmail.com

તા.૧૬.૦૪.૨૦૨૦,૧૮.૦૦ કલાક

૧૬.૦૪.૨૦૨૦ ૧૦ .૦૦ કલાક બાદ નવા કેસ અને મરણની સ્થિતિ

| આજના કેસ | આજના મરણ | આજના ડીસ્ચાર્જ |
|---|---|---|
| ૫૮ | ૦૦ | ૦૯ |

૧૬.૦૪.૨૦૨૦ ૧૦ .૦૦ કલાક બાદ નવા નોંધાયેલ કેસોની વિગત

| જિલ્લો | કેસ | પુરૂષ | સ્ત્રી |
|---|---|---|---|
| અમદાવાદ | ૫૩ | ૩૨ | ૨૧ |
| સુરત | ૨ | ૧ | ૧ |
| વડોદરા | ૧ | ૦ | ૧ |
| રાજકોટ | ૧ | ૧ | ૦ |
| અરવલ્લી | ૧ | ૦ | ૧ |
| કુલ | ૫૮ | ૩૪ | ૨૪ |

દર્દીઓની વિગત

| ક્રમ | અત્યાર સુધીના કુલ પોઝીટીવ દર્દી | દર્દી | | ડીસ્ચાર્જ | મૃત્યુ |
|---|---|---|---|---|---|
| | | વેન્ટીલેટર | સ્ટેબલ | | |
| ૧ | ૯૨૯ | ૦૮ | ૮૧૨ | ૭૩ | ૩૬ |

લેબોરેટરી પરીક્ષણની વિગત

| વિગત | ટેસ્ટ | પોઝીટીવ | નેગેટીવ |
|---|---|---|---|
| ગત ૨૪ કલાક દરમ્યાન કરેલ ટેસ્ટ | ૧૭૦૬ | ૧૬૩ | ૧૫૪૩ |
| અત્યાર સુધીના કુલ | ૨૦૯૦૩ | ૯૨૯ | ૧૯૯૭૪ |

## ૧૬.૦૪.૨૦૨૦ ૧૦ .૦૦ કલાક બાદ નવા નોંધાયેલ ડિસ્ચાર્જની વિગત

| ક્રમ | ઉંમર | જાતિ | જીલ્લો | હોસ્પિટલનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૩૬ | સ્ત્રી | સુરત | સિવિલ હોસ્પિટલ, સુરત |
| ૨ | ૯૨ | પુરુષ | ભાવનગર | સર.ટી. હોસ્પિટલ, ભાવનગર |
| ૩ | ૫૦ | પુરુષ | ભાવનગર | સર.ટી. હોસ્પિટલ, ભાવનગર |
| ૪ | ૩૮ | પુરુષ | ભાવનગર | સર.ટી. હોસ્પિટલ, ભાવનગર |
| ૫ | ૧૮ | સ્ત્રી | અમદાવાદ | એસ.વી.પી. હોસ્પિટલ, અમદાવાદ |
| ૬ | ૭૫ | સ્ત્રી | અમદાવાદ | એસ.વી.પી. હોસ્પિટલ, અમદાવાદ |
| ૭ | ૩૪ | પુરુષ | ગાંધીનગર | એસ.વી.પી. હોસ્પિટલ, અમદાવાદ |
| ૮ | ૩૧ | સ્ત્રી | અમદાવાદ | એસ.વી.પી. હોસ્પિટલ, અમદાવાદ |
| ૯ | ૬૪ | પુરુષ | અમદાવાદ | સિવિલ હોસ્પિટલ, અમદાવાદ |

### રોગની પરીસ્થિતિ

| | વિશ્વ | ભારત | ગુજરાત |
|---|---|---|---|
| નવા કેસ | ૭૦૦૮૨ | ૩૭૯ | ૫૮ |
| કુલ કેસ | ૧૯૧૪૯૧૬ | ૧૨૭૫૯ | ૯૨૯ |
| નવા મરણ | ૫૯૮૯ | ૦૬ | ૦૦ |
| કુલ મરણ | ૧૨૩૦૧૦ | ૪૨૦ | ૩૬ |

### ૧૦૪ હેલ્પ લાઈન વિગત

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | કોરોના રીલેટેડ કોલ | ૪૫૦૦૪ |
| ૨ | સારવાર અપાયેલ વ્યક્તિ | ૯૪૬ |

### કોરોન્ટાઇન ફેસિલીટીની વિગતો

| ક્રમ | હોમ કોરોન્ટાઇન | સરકારી ફેસિલીટીમાં કોરોન્ટાઇન | પ્રાઇવેટ ફેસિલીટીમાં કોરોન્ટાઇન | કુલ કોરોન્ટાઇન સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૧૨૭૭૪ | ૧૯૬૫ | ૧૬૫ | ૧૪૯૦૬ |

| ક્રમ | જીલ્લો | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૪૫ | ૧૭ | ૨૧ |
| ૨ | વડોદરા | ૧૨૮ | ૫ | ૭ |
| ૩ | સુરત | ૮૮ | ૫ | ૧૦ |
| ૪ | રાજકોટ | ૨૮ | ૦ | ૮ |
| ૫ | ભાવનગર | ૨૬ | ૩ | ૧૦ |
| ૬ | આણંદ | ૨૫ | ૦ | ૦ |
| ૭ | ગાંધીનગર | ૧૭ | ૧ | ૯ |
| ૮ | પાટણ | ૧૫ | ૧ | ૪ |
| ૯ | ભરૂચ | ૧૩ | ૦ | ૦ |
| ૧૦ | પંચમહાલ | ૬ | ૧ | ૦ |
| ૧૧ | બનાસકાંઠા | ૬ | ૦ | ૦ |
| ૧૨ | નર્મદા | ૬ | ૦ | ૦ |
| ૧૩ | છોટા ઉદેપુર | ૫ | ૦ | ૦ |
| ૧૪ | કચ્છ | ૪ | ૧ | ૦ |
| ૧૫ | મહેસાણા | ૪ | ૦ | ૦ |
| ૧૬ | પોરબંદર | ૩ | ૦ | ૩ |
| ૧૭ | ગીર-સોમનાથ | ૨ | ૦ | ૧ |
| ૧૮ | દાહોદ | ૨ | ૦ | ૦ |
| ૧૯ | ખેડા | ૨ | ૦ | ૦ |
| ૨૦ | જામનગર | ૧ | ૧ | ૦ |
| ૨૧ | મોરબી | ૧ | ૦ | ૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૧ | ૦ | ૦ |
| ૨૩ | બોટાદ | ૧ | ૧ | ૦ |
| ૨૪ | અરવલ્લી | ૧ | ૦ | ૦ |
| **કુલ** | | **૯૨૯** | **૩૬** | **૭૩** |

## કોરોના વાયરસની વર્તમાન પરિસ્થિતીમાં ગુજરાતમાં સાવચેતી અને તકેદારીના આગોતરા પગલાં સાથે કેટલાંક અગમચેતીના નિર્ણયો

- કોરોના વાયરસની વર્તમાન પરિસ્થિતીને ધ્યાને લઇ તા.૦૩/૦૫/૨૦૨૦ મધ્ય રાત્રી સુધી સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવાનો ભારત સરકારે નિર્ણય લીધો છે.

  જે અંતર્ગત રાજ્ય સરકાર જરૂરી કાર્યવાહી હાથ ધરી રહી છે અને લોકોને મુશ્કેલી પડે નહિ તેની કાળજી લેવામાં આવી રહી છે.

- છેલ્લા કેટલાક દિવસોમાં રાજ્યમાં COVID-19 સામે લડી રહેલા પ્રથમ હરોળના કર્મયોગીઓ એટલે કે આરોગ્ય કર્મીઓ, પોલીસ કર્મીઓ, સફાઇ કર્મીઓ વગેરેમાં પોઝીટીવ કેસો જોવા મળી રહ્યા છે. આ બાબતને સંવેદના પૂર્વક ધ્યાને લઇ માન. મુખ્ય મંત્રીશ્રીએ આજની કોર કમિટીની બેઠકમાં આરોગ્ય અધિકારીઓને આ કર્મયોગીઓની સવિશેષ કાળજી લેવા માટે સુચના આપેલ છે અત્યાર સુધીમાં આવા ૨૮ કર્મીઓ ધ્યાને આવેલ છે.

- માન.મુખ્યમંત્રીશ્રીએ આ પરિસ્થિતીમાં થેલેસિમીયા અને અન્ય હિમોગ્લોબીનોપથીથી ગ્રસ્ત બાળકો અને દર્દીઓને મુશ્કેલી ન પડે તે માટે સુચના આપેલ જેને ધ્યાને લઇ ઇન્ડિયન રેડક્રોસની મદદથી જીલ્લા અને તાલુકા મથકે આવેલ સરકારી હોસ્પિટલો ખાતેઆવા તમામ દર્દીઓને જરૂરી સારવાર મળી રહે તે માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

- રેડક્રોસ દ્વારા સરકારી હોસ્પિટલની મદદથી ગત તા.૧૫/૦૪/૨૦૨૦ સુધીમાં ૧૫૩૦ થેલેસિમીયા અને અન્ય હિમોગ્લોબીનોપથીથી ગ્રસ્ત બાળકોને ૧૬૫૭ યુનિટ લોહી ચઢાવવામાં આવેલ છે. ૬૨૮ બાળકોને દવાઓ આપવામાં આવી છે.

- રાજયમાં હાલની પરિસ્થિતિ કે જેમાં હાલ લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહયું છે. તેને ધ્યાને લઇ રાજય સરકારે સઘન સર્વેલન્સ કામગીરી હાથ ધરવાનો નિર્ણય લીધો છે. જેનું ઘનિષ્ટ મોનીટરીંગ કમિશ્નરશ્રી (આ.) ની કચેરીથી કરવામાં આવશે. આ સર્વેલન્સમાં પોઝીટીવ મળતાં દર્દીઓના આજુબાજુના કન્ટેન્મેન્ટ ઝોન અને બફર ઝોનમાં ભારત સરકારની માર્ગદર્શીકા અનુસાર કામગીરી હાથ ધરવામાં આવશે.

  વેન્ટીલેટર અને વેન્ટીલેટર કેર તાલીમ

- રાજ્યમાં ગંભીર દર્દીઓની સારવાર માટે તમામ વિભાગોમાં થઇને સરકારી હોસ્પિટલો ખાતે ૧૦૬૧ વેન્ટીલેટર ઉપલબ્ધ છે. અને ખાનગી સંસ્થાઓમાં અંદાજીત ૧૭૦૦ જેટલા વેન્ટીલેટર ઉપલબ્ધ છે. વધુ ૧,૦૦૦ વેન્ટીલેટર ખરીદીનો આદેશ આપેલ છે. વધુમાં ૪૩ વેન્ટીલેટર દિલ્હી ખાતેથી રાજ્ય સરકારને મળેલ છે.

- રાજયના ડૉક્ટરો અને પેરામેડીકલ સ્ટાફને વેન્ટીલેટર કેરની તાલીમ આપવા માટે રાજયની મેડીકલ કોલેજોમાં તા.૨૧/03/૨૦૨૦ થી શરૂ કરેલ છે. અને તા.૦૫/0૪/૨૦૨૦ સુધીમાં ૩૫૨૨ આરોગ્યકર્મીઓને તાલીમ આપવામાં આવેલ છે.
- તા.૦૮/0૪/૨૦૨૦ સુધીમાં ૯૦૩૧ આરોગ્યકર્મીઓની તાલીમ પૂરી કરાવવામાં આવનાર છે.

## ૧૧૦૦ અને ઈમેલ હેલ્પલાઇન તથા ટેલી મેડીસીનની સુવિધા

  - રાજ્યમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઇન શરૂ કરવામાં આવેલ છે. આ હેલ્પલાઇન દ્વારા આઇસોલેશન અથવા હોમ ક્વોરન્ટાઇન કરવામાં આવેલ લાભાર્થી દર્દીઓને ૨૪ X૭ કલાક માટે એમ.બી.બી.એસ ,એમ.ડી. ફિઝિશિયન ,કલીનીકલ સાઇકોલોજીસ્ટ અને સાઇક્રીયાટ્રીસ્ટ નિષ્ણાંત તબીબ દ્વારા ટેલી મેડિસીન ,ટેલી કાઉન્સેલીંગ(પરામર્શ)અને ટેલી એડવાઇઝ(સલાહ) આપશે.
  - વધુમાં ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ દ્વારા પણ તાજેતરમાં કોરોના વાઇરસને કારણે લોકડાઉનની પરીસ્થિતીમાં ટેલી મેડીસીનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેના માટે ૦૭૯-૨૨૬૮૮૦૨૮ નંબર ઉપર સવારના ૦૯:00 થી ૧૦:00 ની વચ્ચે ફોન કરી ટેલી મેડીસીનની સુવિધા મેળવી શકાશે.
  - તા.૧૫/0૪/૨૦૨૦ સુધીમાં આ હેલ્પલાઇન ઉપર ૪૦૩૯ જેટલા કોલ આવેલ જેમને સારવાર સહીતની સુવિધા પૂરી પાડવામાં આવી છે.
- રાજયના તમામ હોસ્પિટલો અને તબીબો પાસેથી SARIના કેસોની માહીતી તાત્કાલિક મળી રહે તે માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા Dr.TeCHO Application શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત ૩૩૦૪ જેટલા ખાનગી તબીબોએ રજીસ્ટ્રેશન કરાવેલ છે.
- રાજ્યમાં હાલની નોવેલ કોરોના વાયરસ ( કોવિડ-૧૯) ના સંક્રમણની પરિસથિતિમાં જરૂરી તમામ દવાઓ, સાધન સામગ્રી, માનવબળ અને તમામ અન્ય કોઇપણ જરૂરી વસ્તુઓ, સેવાઓ તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરી શકાય તે હેતુસર રાજ્ય સરકારે ખાસ ખરીદ સમિતિ બનાવવામાં આવેલ છે.
- રાજયમાં અમદાવાદ ખાતે ૧૨૦૦ બેડ , વડોદરા, રાજકોટ ખાતે ૨૫૦ અને સુરત ખાતે ૫૦૦ બેડ તેમજ તમામ જીલ્લા ખાતે સરકારી અને ખાનગી ૧૦૦ બેડની હોસ્પિટલો ઉભી કરવામાં આવેલ છે. કુલ રાજયમાં ૮૪૦૦ બેડની સુવિધાની તૈયારી કરેલ છે. જે માત્ર કોરોના ગ્રસ્ત દર્દીઓ માટે વાપરવામાં આવનાર છે.
- રાજ્યની અમદાવાદમાં ત્રણ તેમજ સુરત, વડોદરા, ભાવનગર, જામનગરતથા રાજકોટ ખાતેની સરકારી મેડિકલ કોલેજોમાં અને અમદાવાદ ખાતેની ત્રણ ખાનગી લેબોરેટરીન્યુબર્ગ સુપ્રાટેક લેબોરેટરી યુનીપેથ લેબોરેટરીઅને પાનજીનોમિકસ લેબોરેટરી અમદાવાદમાં કોવિડ-૧૯ માટે લેબોરેટરી ટેસ્ટીંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

ડ્રગ્ઝ એન્ડ લોજીસ્ટીક

- ભારત સરકારશ્રી દ્વારા માસ્ક અને સેનીટાઇઝરને જરૂરીયાતની વસ્તુની કેટેગરીમાં સામેલ કરેલ છે. રાજ્યમાં COVID-19 રોગચાળાની શરૂઆતથી અત્યારસુધીમાં એન-૯૫ માસ્ક ૯.૭૫ લાખ , પી.પી.ઇ. કીટ ૩.૫૮ લાખ અને ટ્રીપલ લેયર માસ્ક ૧.૨૩ કરોડ જથ્થાની ખરીદી કરી ઉપલબ્ધ કરાવવામાં આવી રહયો છે.
- COVID-19 અંગેની પ્રોફાઇલેકસીસ માટેની દવા ટેબ.હાઇડ્રોક્સીકલોરોકવીન નામની દવાને શીડયુલ **H1** ડ્રગ તરીકે જાહેર કરેલ છે. જેથી હવે આ દવા માત્ર અને માત્ર અધિકૃત ડોકટરના પ્રિસ્કીપશન પર જ મળી શકે છે.

માનવ સંસાધન

- COVID-19 રોગચાળા અંતર્ગત આરોગ્ય સેવાઓને વિપરિત અસર ન પડે તે હેતુથી રાજ્ય સરકારે આરોગ્ય વિભાગમાં કાર્યરત તા.૩૧.૦૩.૨૦૨૦ અને તા.30.04.૨૦૨૦ ના રોજ વય નિવૃત થતાં તમામ અધિકારી/કર્મચારીઓની નિવૃત્તિ તા.૩૧.૦૫.૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે. વધુમાં રાજ્ય સરકારે સરકારી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે તબીબોની અછત ઘટાડવા ૧૧ માસના કરારીય ધોરણે નિમણુંક આપવાનો નિર્ણય લીધો છે. જેના પરીણામે પણ રાજ્યમાં વધુમાં વધુ તબીબોની ઉપલબ્ધિ થશે.

કલ્સટર કન્ટેન્મેન્ટ

શહેર વિસ્તારમાં જોવા મળેલ પોઝીટીવ દર્દીઓના કલ્સટરના પગલે સરકારે આ વિસ્તારમાં કલ્સટર કન્ટેન્મેન્ટ કામગીરી હાથ ધરી છે. જેમાં આ વિસ્તારોને સંપૂર્ણ રીતે લોકડાઉન કરવામાં આવે છે. તેમજ સઘન સર્વે હાથ ધરી હાઇ રીસ્ક અને રોગના લક્ષણો ધરાવતા દર્દીઓને શોધી કાઢી તેઓને નિદાન અને સારવારની કામગીરી હાથ ધરવામાં આવે છે.

| વિગત | અમદાવાદ કોર્પોરેશન | સુરત કોર્પોરેશન | ભાવનગર કોર્પોરશન | વડોદરા કોર્પોરેશન | રાજકોટ કોર્પોરેશન | કુલ |
|---|---|---|---|---|---|---|
| કલસ્ટર | ૧૪ | ૨ | ૩ | ૨ | ૭ | ૨૮ |
| ટીમની સંખ્યા | ૩૪ | ૨૮ | ૩૫ | ૬ | ૫૯ | ૧૬૨ |
| કુલ વસ્તી | ૭૮૬૪ | ૯૭૯૮૬ | ૫૭૩૯૪ | ૧૧૨૧૭ | ૭૦૧૪ | ૧૮૧૪૭૫ |
| ટીમના સભ્યોની સંખ્યા | એમ.ઓ-૧૪<br>સુપરવાઇઝર- ૧૪<br>પેરામેડીકલ –૬૮<br>કુલ – ૯૬ | એમ.ઓ-૩<br>સુપરવાઇઝર- ૧૨<br>પેરામેડીકલ –૫૬<br>કુલ–૭૧ | એમ.ઓ-૪<br>સુપરવાઇઝર- ૬<br>પેરામેડીકલ–૭૦<br>કુલ–૮૦ | એમ.ઓ- ૧<br>સુપરવાઇઝર –૧<br>પેરામેડીકલ – ૧૨<br>કુલ–૧૪ | એમ.ઓ- ૮<br>સુપરવાઇઝર – ૮<br>પેરામેડીકલ –૧૧૮<br>કુલ – ૧૩૪ | એમ.ઓ- 30<br>સુપરવાઇઝર – ૪૧<br>પેરામેડીકલ – ૩૨૪<br>કુલ –૩૯૫ |